# લીકરના નવા લાયસન્સ પર સરકારની સંપૂર્ણ બ્રેક

## રાજ્યભરમાં ૭૦ હજારથી વધુ લીકર લાયસન્સ ધારકો છે : સરકારે જૂના લાયસન્સને રીન્યુ કરવાનું પણ બંધ કરી દિધુ છે

ગાંધીનગર, તા. ૪

રાજ્યભરમાં આરોગ્ય અને સ્વસ્થ્યના બહાના હેઠળ દારૂનું પરમિટ ધરાવતા પરમિટ ધારકોની મુશ્કેલીઓ વધી જશે. રાજ્યના નશાબંધી અને આબકારી વિભાગે નવા દારૂ માટેના પરમિટ આપવાની કામગીરી પર સંપૂર્ણપણે બ્રેક લગાવી દિધી છે. અને જૂના પરમિટને રીન્યુ કરવાનું પણ બંધ કરી દિધી છે.

ગુજરાત રાજ્યમાં દારૂ પર સંપૂર્ણ પ્રતિબંધ છે એટલે કે દારૂબંધી છે. ત્યારે દારૂનો નશો કરનાર દારૂના શોખ દારૂ ખરીદવા અને પીવા માટે જાત-જાતના પેતરા કરી રહ્યા છે. કેટલાક દારૂના શોખીન લોકોએ આરોગ્યના બહાના હેઠળ દારૂ પીવાના કાયમી ઈલાજરૂપે થોડા ઘણા વ્યવહાર કરી દારૂના પરમિટ મેળવી દિધા છે. રાજ્યભરમાં ૭૨ હજારથી વધારે નાગરિકો દારૂનું પરમિટ ધરાવે છે. ગુજરાત જેવા ડ્રાય સ્ટેટમાં આ આંકડો દિવસે દિવસે વધતો જાય છે જે ચિંતાજનક છે. રાજ્યમાં દારૂના પરમિટ ધારકોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. રોજની નવા પરમિટ માટે ૧૨ થી ૧૩ અરજીઓ આવી રહી છે. જ્યારે કેટલાક પરમિટ ધારકો પરમિટ પર દારૂ મેળવી ઊંચા ભાવે બહાર વેચી રહ્યા હોવાની પણ વારંવાર ફરિયાદો ઉઠવા પામી છે.

પરમિટ ધારકોની આ વૃત્તિ સામે હવે રાજ્યના નશાબંધી અને આબકારી વિભાગે લાલ આંખ કરી છે. નશાબંધી તંત્રએ ચાલુ વર્ષથી નવા દારૂના પરમિટ આપવાની કામગીરી પર સંપૂર્ણપણે બ્રેક મારી દીધી છે. હવે પછી નવા પરમિટ નહી આપવાનો નિર્ણય કર્યો છે. ઉપરાંત વર્ષો જૂના પરમિટ ધારકોના પરમિટને રીન્યુ પણ નહી કરવામાં આવે. સરકારે આ નિર્ણય કરી દારૂના પરમિટ પર મોટો કાપ મુક્યો છે. હવે દારૂના પરમિટ સામાન્ય રીતે નહી મળે આથી દારૂના શોખીનની મુશ્કેલીઓમાં વધારો થશે.

આગામી સમયમાં રાજ્યની બહારથી આવતા પ્રવાસીઓ, મુલાકાતીઓ તેમજ વિદેશીઓ અને ફોર્સના અધિકારી કર્મચારીઓ જ નિયમ મુજબ લીકર મળવાપાત્ર થશે એટલે ગુજરાતીઓને હવે દારૂનું પરમિટ પણ નહી મળે.



રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રુપાણીએ માહિતી ખાતા દ્વારા સંપાદિત ગુજરાત રોજગાર સમાચાર કારકીર્દિ માર્ગદર્શન વિશેષાંક-૨૦૮૧નુ વિમોચન કર્યું તે વેળાની તસવીરમાં મુખ્યમંત્રીશ્રીના સચિવ અશ્વિનીકુમાર, માહિતી નિયામક અશોકભાઈ કાલરિયા, અધિક નિયામક અરવિંદભાઈ પટેલ, સંયુક્ત નિયામક પુલકભાઈ ત્રિવેદી નજરે પડે છે. ભાવિ કારકીર્દિનો નિર્ણય લેવા માટે પ્રતિવર્ષ કારકીર્દિ માર્ગદર્શન વિશેષાંકની વિદ્યાર્થીઓ અને વાલીઓ કાગડોળે રાહ જોતા હોય છે.

## શહેરના વરિષ્ઠ આર્કીટેક અશોક છનીયારાના માતાનું નિધન

ગાંધીનગર શહેરના વરિષ્ઠ આર્કીટેક અને ગાંધીનગર કલ્ચરલ ફોરમના કારોબારી સભ્ય અશોકભાઈ છનીયારાના માતૃશ્રી કાન્તાબેન બી.છનીયારાનું ૮૬ વર્ષની વયે ટુંકી માંદગી બાદ તા.૪ મે ને શુક્રવારના રોજ તેઓનું નિધન થયું છે. સદ્ગતની અંતિમયાત્રા તા.૬ મે ને રવિવારના રોજ તેમના નિવાસસ્થાન સેકટર-૨૦ ખાતેથી નીકળશે. સદ્ગતની અણધારી વિદાયથી છનિયારા પરિવારમાં શોકનું મોજુ પ્રસરી ગયું છે. સદ્ગતનું બેસણું તા.૭ મે ને સોમવારના રોજ સેકટર-૩૦ સાંઈબાબા ઝુલેલાલ મંદિર ખાતે સવારે ૯ થી ૧૧ કલાક દરમિયાન રાખવામાં આવેલ છે.



## પૂજન ફાઉન્ડેશન દ્વારા સે-૬ સરકારી પ્રાથમિક શાળા ખાતે સમર કેમ્પ યોજાયો

પૂજન ફાઉન્ડેશન, લાયન્સ કલબ અને સરકારી શાળાના સહયોગથી તા. ૨ થી ૫ મે દરમિયાન સેકટર-૬ સરકારી શાળા ખાતે સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સરકારી શાળામાં અભ્યાસ કરતા ૬૫ થી વધુ બાળકો ડાન્સ તેમજ યોગની તાલિમ મેળવી રહ્યા છે. ત્યારે પૂજન ફાઉન્ડેશન દ્વારા તાલિમ પામેલા બાળકોને સ્ટેજ પણ પુરુ પાડવામાં આવશે. ગાંધીનગર શહેરની શાળાઓ તેમજ સામાજીક સંસ્થાઓ દ્વારા સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. શહેરના બાળકો અત્યારે હાલ સમર કેમ્પમાં વ્યસત જોવા મળે છે. વર્ષ દરમિયાન અભ્યાસકીય પ્રવૃતિ બાદ વેકેશનમાં બાળકોની આંતરીક શકિત ખીલે તે માટે વાલીઓ દ્વારા બાળકોને વિવિધ સમર કેમ્પમાં મુકવામાં આવ્યા છે. ત્યારે સરકારી શાળામાં અભ્યાસ કરતા શ્રમિક પરિવારના વિદ્યાર્થીઓ માટે પૂજન ફાઉન્ડેશન દ્વારા સેકટર-૬ ની સરકારી શાળા ખાતે તા. ૨ થી ૫ મે દરમિયાન ડાન્સ અને યોગના સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૬૫ બાળકો ડાન્સ તેમજ યોગની તાલિમ મેળવી તાલિમબધ્ધ બની રહ્યા છે.

## જિલ્લામાંથી ચણાની ૩૨૩ કવીન્ટલ ખરીદી ટેકાના ભાવે કરવામાં આવી

ગાંધીનગર જિલ્લામાં અત્યાર સુધીમાં ૩૨૩ કવીન્ટલ ચણાની ખરીદી ટેકાના ભાવે કરવામાં આવી છે. અર્થાત ૪૦૦થી વધુ બોરીની ખરીદી થઈ છે. જેની ટેકાવા ભાવે કિંમત ૧૪ લાખ ૨૨ હજાર જેટલી થવા જાય છે.

રાજ્ય સરકાર દ્વારા છેલ્લા ત્રણ દિવસથી ચણાની ખરીદી ટેકાના ભાવે કરવાના કરેલા નિર્ણય પછી માણસા ખાતે આ માટે ખરીદ કેન્દ્ર મંજૂર કરવામાં આવ્યું છે. જિલ્લામાં ૮૦૦ હેકટર વિસ્તારમાં ચણાનું વાવેતર થયું હતું. ચણાની ખરીદી શરુ કરાયા પછી ખેડૂતોને હજુ ચુકવણુ થયું નહિ હોવાથી ખેડૂતોમાં થોડીક ચિંતાની લાગણી ઉભી થઈ છે. જો કે તંત્ર દ્વારા આ દિશામાં કાર્યવાહી હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

## રાજ્યભરમાં ગરમીથી પ્રજા પરેશાન

એકબાજુ રાજસ્થાન, ઉત્તરપ્રદેશ સહિતના ઘણા રાજ્યોમાં પ્રચંડ તોફાન અને વરસાદનું સંકટ તોળાઈ રહ્યું છે ત્યારે ગુજરાતના ગોંડલ પંથકમાં પણ કરા સાથે વરસાદ પડતા વાતાવરણમાં પલટો આવ્યો છે. ગોંડલના કેટલાક વિસ્તારોમાં કરા પડતા આશ્ચર્યનું મોજુ ફરી વળ્યું છે. ગુજરાતના જુદા જુદા ભાગોમાં પણ મહત્તમ તાપમાનમાં ફેરફારની સ્થિતિ જોવા મળી રહી છે. આગામી બે દિવસ દરમિયાન સૌરાષ્ટ્ર અને કચ્છના જુદા જુદા ભાગો અને ઉત્તર ગુજરાતમાં મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીની આસપાસ રહી શકે છે. અમદાવાદ માટેની આગાહીમાં જણાવવામાં આવ્યું છે કે, તાપમાન ૪૧ની આસપાસ રહી શકે છે પરંતુ બપોરના ગાળામાં લોકો તીવ્ર ગરમીનો અનુભવ કરી રહ્યા છે.


## ઇન્ડિયન ઇન્સ્ટીટયુટ ઓફ ટીચર એજ્યુકેશન – ગુજરાત

રામકૃષ્ણ પરમહંસ વિદ્યા સંકુલ, સેક્ટર-૧૫, ખ-૫, ગાંધીનગર

(O) 079-2324 3733 / 34 (w) www.iite.ac.in

॥ न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ॥

### જાહેરાત

ઈન્ડિયન ઈન્સ્ટીટયુટ ઓફ ટીચર એજ્યુકેશન - ગુજરાત (ગાંધીનગર) એ ગુજરાત રાજ્ય-સરકાર દ્વારા સ્થાપિત સ્ટેટ યુનિવર્સીટીનો દરજ્જો ધરાવતી દેશની એકમાત્ર શિક્ષકો માટેની યુનિવર્સીટી છે. યુનિવર્સીટી સામાજિક જવાબદારીના ભાગ-રૂપે આગામી સમયમાં નીચેના ટ્રેનીંગ પ્રોગ્રામ કરવા જઈ રહેલ છે.

| તારીખ | વર્કશોપ ની વિગત | પ્રતિભાગીઓ | કુલ પ્રતિભાગીઓ | કો-ઓર્ડીનેટર | નામ નોંધાવવાની આખર તારીખ |
|---|---|---|---|---|---|
| ૬ મે, ૨૦૧૮ ૧૨ થી ૬ | કોમ્યુનીકેશન સ્કીલ | ગાંધીનગર માં રેહતી વર્કિંગ વુમન | ૩૦ | કુ. ચિત્રલેખા ચક્રવર્તી | ૫ મે, ૨૦૧૮ |
| ૬ મે, ૨૦૧૮ ૧૨ થી ૬ | રીસર્ચ મેથડોલોજી | પી.એચ.ડી. કરતા સંશોધકો | ૩૦ | ડો. રવિરાજ રાજપુરા | ૫ મે, ૨૦૧૮ |
| ૮ મે, ૨૦૧૮ ૯ થી ૧૨ | ફોટોગ્રાફી | ગાંધીનગરના રહીશો | ૩૦ | શ્રી શૈલેશ રાવલ | ૭ મે, ૨૦૧૮ |
| ૮ મે, ૨૦૧૮ સવારે ૫ થી સાંજે ૫ | ટ્રેકિંગ , પોળો વન – વિજયનગર | ૧૦માં – ૧૨મા ના વિદ્યાર્થીઓ | ૪૦ | કુ. હિરલ મેહતા | ૭ મે, ૨૦૧૮ |
| ૯ મે, ૨૦૧૮ ૧૨ થી ૬ | ડ્રામા ઈન એજ્યુકેશન | ૧૦માં – ૧૨મા ના વિદ્યાર્થીઓ | ૩૦ | શ્રી કબીર ઠાકોર | ૮ મે, ૨૦૧૮ |
| ૯ મે, ૨૦૧૮ સવારે ૯ થી ૧૧ | હેલ્થ અવેરનેસ એન્ડ વેલનેસ | ગાંધીનગરના રહીશો (૩૫ થી ૬૦ વર્ષ) | ૩૦ | ડો. અખીલ મુકીમ | ૮ મે, ૨૦૧૮ |
| ૧૦ મે, ૨૦૧૮ ૯ થી ૧૨ | ફાઈન આર્ટ | ૧૦માં – ૧૨મા ના વિદ્યાર્થીઓ | ૩૦ | શ્રી યોગેશ પવાર | ૯ મે, ૨૦૧૮ |

ઉપરોક્ત ટ્રેનીગ પ્રોગ્રામ જે-તે વિષયના તજજ્ઞો દ્વારા ચલાવવામાં આવશે. ટ્રેનીંગ પ્રોગ્રામમાં પ્રવેશ વહેલા તે પહેલાના ધોરણે આપવામાં આવશે. રસ ધરાવતા પ્રતિભાગીઓએ વહેલા તે પહેલા ના ધોરણે ૧૧ થી ૬ દરમ્યાન યુનિવર્સીટી ખાતે સ્કીલ-સેન્ટરમાં રૂબરૂ નામ નોંધણી કરાવવાની રેહશે.

જા.ક. : આઈ.આઈ.ટી.ઈ./સી.ઓ.ટી./૯૪/૨૦૧૮

તા. : ૦૪/૦૫/૨૦૧૮

ઈ. રજીસ્ટ્રાર


# જળ અભિયાન અંતર્ગત આખડોલ અને પીપળાતા ગામે તળાવ ઊંડા કરવાની કામગીરીનો પ્રારંભ કરાવતા મુખ્યમંત્રીશ્રી

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ ખેડા જિલ્લામાં સુજલામ્ સુફલામ્ જળસંચય અભિયાન અંતર્ગત આખડોલ અને પીપળાતા ગામે-ગામતળાવો ઊંડા કરવાની કામગીરીનો પ્રારંભ કરાવતા રાજ્યના શહેરો અને નગરોના મલીન જળ શુદ્ધિકરણથી લોકવપરાશ માટે તેના પુનઃ ઉપયોગની નીતિ રીસાઈકલ પોલિસી વર્તમાન મે માસમાં જાહેર કરવાની નેમ વ્યકત કરી છે.

## રાજયવ્યાપી જળસંચય અભિયાન શરૂ કરનારૂં ગુજરાત દેશનું પ્રથમ રાજય



આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, નદીઓ અને જળસ્ત્રોતોના કિંમતી પાણીને બગાડનારા અને પ્રદૂષિત કરનારાઓ સામે જીપીસીબીના માધ્યમથી કાયદા પ્રમાણે કડક પગલાં લેવાની સાથે જળસ્ત્રોતના પાણીની સ્વચ્છતા જાળવવાની વ્યુહરચના ઘડી કાઢવામાં આવશે.

સુજલામ્ સુફલામ્ જળસંચય અભિયાન એ વ્યાપક માનવતાનું કામ છે અને તેની પાણી દ્વારા વિકાસને વેગ આપવાના અભિયાન તરીકે ઈતિહાસમાં નોંધ લેવાશે એવો વિશ્વાસ વ્યકત કરતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે સમગ્ર દેશમાં આવું રાજયવ્યાપી જળસંચય અભિયાન શરૂ કરનારૂં ગુજરાત દેશનું પ્રથમ રાજય છે.

મુખ્યમંત્રીશ્રીએ ખેડા જિલ્લાના જળસંચય અભિયાનના ભાગરૂપે નડિયાદ તાલુકાના આખડોલ અને પીપળાતા ગામે ગામ તળાવોની ઊંડાઈ વધારવાના કામોનો પ્રારંભ કરાવ્યો હતો.

પાણી જ વિકાસનો આધાર છે અને પૂરતું પાણી એ વિકાસની પૂર્વશરત છે એવી લાગણી વ્યકત કરતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે પાણીના ટીપેટીપાંને સંઘરવાની જરૂરને અનુલક્ષીને સમગ્ર ગુજરાતમાં ધર્મશકિત અને જનશકિતના સહયોગથી એક મહિનાનું જળસંચય અભિયાન પૂરજોશમાં આગળ વધી રહયું છે. આ અભિયાનમાં સંતો-મહંતો, સંસ્થાઓ અને લોકોએ તન, મન અને ધનથી સહયોગ આપ્યો છે. ૧૩ હજાર જેટલા તળાવો ઊંડા કરવાની સાથે નદીઓ અને કાંસો, નહેરોની સફાઈ, ખેત તલાવડીઓ બનાવવી જેવા કામો હાથ ધરવામાં આવ્યા છે. પહેલા ચાર દિવસમાં જ છ હજારથી વધુ કામો શરૂ થઈ ગયા છે. આ કામોના પરિણામે રાજયની જળસંગ્રહની તાકાતમાં ૧૧ હજાર કરોડ ઘનમીટર જેટલો વધારો થશે. આ વર્ષે સારા અને સો ટકા વરસાદની આગાહી છે ત્યારે ચોમાસા પહેલા જ વરસાદી પાણીના સંગ્રહની સુસજ્જતા આ અભિયાનથી રાજયમાં ઉભી થશે.

આ અભિયાન હેઠળ જળસંગ્રહની ક્ષમતા વધારતા કામો માટે ૪૦૦૦ થી વધુ જેસીબી, ૧૦ હજારથી વધુ ટ્રેકટર્સ અને યાંત્રિક સાધનોની મદદ લેવામાં આવી રહી છે તેમ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું

**મુખ્યમંત્રીશ્રીએ નાગરિકોને આખા મે મહિના દરમિયાન દર અઠવાડિયાના શુક્ર, શનિ અને રવિવારે જળસંચયના કામોમાં સહયોગ માટે ઓછામાં ઓછા ચાર કલાકનો સમય ફાળવવા અપીલ કરી હતી.**

તેમણે જણાવ્યું હતું કે રાજય સરકારે જળસંગ્રહ શકિત વધારવા નર્મદા નદી પર રૂા. ૪૦૦૦ કરોડના ખર્ચે ભાડભૂત આડબંધ બનાવવાનું અને જામનગર જિલ્લાના જોડિયા પાસે દૈનિક ૧૦ કરોડ લિટર દરિયાના ખારા પાણીને પીવાલાયક બનાવતા મહત્વપૂર્ણ પ્રકલ્પોનું આયોજન કર્યું છે.

આ જળઅભિયાનમાં આખડોલ તળાવના કામની જવાબદારી ઉપાડી લેવાની નડીયાદના સુવિખ્યાત શ્રી સંતરામ મંદિરની પ્રેરણાદાયી કામગીરીને લોકોએ આવકારી છે.

## જળસંચય કાર્યમાં સહભાગી બન્યું બેલા અને ટીંબલા ગામ

### ગ્રામજનોએ શ્રમદાન સાથે મેળવી રોજગારી

બોટાદ જિલ્લાના લોકો સમાજ પ્રત્યેનું દાયિત્વ નિભાવવા સરકારના જળસંગ્રહના કાર્યમાં જોડાઈને શ્રમદાન સાથે રોજગારી મેળવી સહભાગી બન્યા છે. ખેતીમાં ખૂબ ફાયદો થાય તેમ છે. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા મનરેગા યોજના અંતર્ગત આ ગામના લોકોને રોજગારી મળી રહે સાથોસાથ જળસંચયનું કામ પણ





બોટાદ જિલ્લાના અંદાજે ૩૫૦૦ની વસ્તી ધરાવતા બેલા ગામની સીમમાં વોટરશેડ યોજનામાં નિર્માણ પામેલ બે તળાવ આવ્યા છે જેની સંગ્રહક્ષમતા ૩૦,૦૦૦ લીટરની છે. આ બંને તળાવમાંથી માટી કાઢી તેને ઊંડા કરવામાં આવે તો ગામના તળમાં અને આસપાસની જમીનની થાય તે હેતુથી ગામમાં તળાવ ઊંડા કરવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું હતું. આ કાર્યમાં બેલા અને ટીંબલા ગામના અંદાજે ૨૨૦ જેટલા લોકો શ્રમદાન કરી પોતાની મહેનત થકી સ્વમાનભેર રોજગારી મેળવી રહ્યા છે. બેલા ગામના સરપંચ રાજુભાઈએ જળસંચયની કામગીરીને બિરદાવી હતી.

# જળ અભિયાનથી નદી-તળાવની સંસ્કૃતિને જીવંત કરવાનો અવસર : શિક્ષણમંત્રી

શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ અમદાવાદ જિલ્લામાં જળ અભિયાન પ્રારંભ કરતાં જણાવ્યું હતું કે, નદી અને તળાવને જીવંત કરી ભાવિ પેઢીને સમૃદ્ધ જળવારસો આપવાની તક આપણને સાંપડી છે અને જનશક્તિ તેમાં તન, મન અને ધનથી સહયોગી બની રહી છે તે અત્યંત આવકારદાયક છે. નદી તળાવમાં જળસંચય થવાથી પાણીના સ્તર ઊંચા આવશે, કૂવાઓ પણ રિચાર્જ થશે.

## કાળુ તળાવ, ખારીકટ કેનાલ અને રોધ નદીના શુદ્ધિકરણ સાથે અમદાવાદ જિલ્લામાં જળ અભિયાન પુરજોશમાં



સુજલામ્ સુફલામ્ જળ અભિયાન અંતર્ગત અમદાવાદ જિલ્લામાં શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ અમદાવાદ શહેરમાંથી પસાર થતી ખારીકટ કેનાલના શુદ્ધિકરણ, રોધ નદીને ઊંડી કરવી તથા બાવળાના કાળુ તળાવને ઊંડું કરવાની કામગીરીનો વિશાળ સંખ્યામાં ગ્રામજનોની ઉપસ્થિતિમાં પ્રારંભ કરાવ્યો હતો.

શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ ખારીકટ કેનાલમાં જેસીબીની સ્વીચ દાબીને કેનાલની સાફ-સફાઈની કામગીરી આરંભી હતી. ૨૧ કિમી.ની લંબાઈમાં ખારીકટ કેનાલમાં ૧૨ એસ્કેવેટર, ૨૪ ડમ્પર, ૨૪ ટ્રેક્ટર, ૬ જેસીબી સાથે ૬૬ મશીનરીનો ઉપયોગ કરી તેની સાફ-સફાઈ કરાશે. આ કેનાલની સફાઈના કારણે પ્રદૂષણ અટકશે, પાણીની વહનક્ષમતા વધશે, સિંચાઈનું પાણી પણ શુધ્ધ મળશે, જેથી ખેતી પાક અને જમીનને પણ લાભ થશે.

નદીઓને પુનઃજીવિત કરવાના અભિયાન અંતર્ગત શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ સાણંદ પાસે રોધ નદીને પુનઃજીવિત કરવાના કાર્યનો પણ આરંભ કરાવ્યો હતો. ગ્રામ વિકાસ વિભાગ દ્વારા ૬૫ કિમી.ની લંબાઈમાંથી ૫૦ કિમી.ની લંબાઈમાં આ નદીને ઝાડી-ઝાંખરા વગેરે દૂર કરી શુધ્ધ કરાશે. મનરેગા યોજના હેઠળ ગ્રામ વિકાસ વિભાગ દ્વારા ૧૮૯.૧૦ લાખના ખર્ચે એક મહિનામાં આ નદીનું શુધ્ધિકરણ કાર્ય પૂર્ણ કરાશે. આ નદીને શુધ્ધ કરવાથી સાણંદ તાલુકાના ૬ અને બાવળા તાલુકાના ૧૦ ગામો સાથે કુલ ૧૬ ગામના ૪૫૦૦૦ લોકોને સિંચાઈનો પરોક્ષ લાભ મળશે.

શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ બાવળા ખાતે કાળુ તળાવ ઊંડુ કરવાના કામમાં પણ જોડાયા હતા. બાવળા ગામના કાળુ તળાવમાંથી ૯ હજાર ઘનમીટર માટી ખોદીને તળાવને ઊંડુ ઉતારવાનું આયોજન કરાયું છે. આ તળાવને ઊંડુ કરવાથી તેની સંગ્રહ શકિતમાં ૦.૫૦ એમસીએફટી જેટલો વધારો થશે. પરિણામે સિંચાઈ વિસ્તાર પણ વધશે. લૌસન ફાઉન્ડેશન સ્વૈચ્છિક સંસ્થા દ્વારા આ તળાવને દત્તક લેવામાં આવ્યું છે. પરિણામે રાજ્ય સરકાર ઉપર કોઈ આર્થિક ખર્ચનો બોજો પડશે નહી.

ગ્રામ વિકાસ વિભાગ દ્વારા સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત શાળા કમ્પાઉન્ડ, ધાર્મિક સ્થળ, હવાડા, રસ્તાઓ, તળાવની પાળો, સ્મશાન, ખેત રસ્તાઓ વગેરે સાર્વજનિક જગ્યાએ ૯૦ હજાર સી.એમ.ટી.ના ડીસીલ્ટીગના કામો કરાશે.

# સુજલામ્ સુફલામ્ જળ અભિયાનમાં તાપી નદીની કાયાપલટઃ સાફ-સફાઈ માટે મોટી સંખ્યામાં લોકો જોડાયા

સુજલામ્ સુફલામ્ જળ અભિયાન અંતર્ગત સુરતની જીવાદોરી સમાન તાપી નદીમાં ઉગેલ બીનજરૂરી વનસ્પતિઓનો નિકાલ કરી સાફ સફાઈનું મહા અભિયાન પુરજોશમાં ચાલી રહ્યું છે. જળ અભિયાનમાં બે પોકલેન મશીન, ૧૪ જેસીબી, ૨૩ ટ્રેક્ટર, ૧૨ ડમ્પર, ૨ ડી વીડર મશીનો તેમને ૨૦ હોડીઓનો ઉપયોગથી નદીને સ્વચ્છ અને સુંદર બનાવાઈ રહી છે.

## તાપી નદીમાં આધુનિક મશીનોના માધ્યમથી જળકુંભી/પાણીજન્ય વનસ્પતિની સાફ-સફાઈ

સુરત શહેરમાંથી પસાર થતી તાપી નદીને સ્વચ્છ બનાવી વધુ પાણીની વહનક્ષમતા માટે લોકો જોડાયા છે. નદીમાં ઉદ્ભવેલ જળકુંભી/પાણીજન્ય વનસ્પતિ પાણીની ગુણવત્તાને પણ અસરકર્તા હોય છે. તાપી નદીમાં જુદા જુદા રો-વોટર ઈન્ટેકવેલ્સ સ્થાપિત કરવામાં આવ્યા છે, જેના દ્વારા તમામ વોટરવર્કસમાં જળ શુદ્ધિકરણ પ્રક્રિયાથી સુરત શહેરમાં પાણી પુરવઠો જાળવવામાં આવે છે.

જળકુંભી/પાણી જન્ય વનસ્પતિ પાણીના વહેણ મારફત ઈન્ટેક-વેલમાં દાખલ ન થાય તે માટે ફ્લોટિંગ સ્ટ્રક્ચર પ્રકારની નેટ બનાવી ઈન્ટેકવેલની ફરતે સ્થાપિત કરવામાં આવ્યા છે.

તાપી નદીમાં જોવા મળતી જળકુંભી/વનસ્પતિની સાફ-સફાઈ ડી-વીડર મશીનોના માધ્યમથી કરવામાં આવી રહી છે.





સુજલામ્ સુફલામ્ જળ અભિયાન-૨૦૧૮ અંતર્ગત લોકભાગીદારીથી વધુમાં વધુ સ્વૈચ્છિક સંસ્થાઓ આ જળ અભિયાનમાં જોડાઈને માનવધન, મશીનરીઓ અને નાણાંકીય સહાય આપવા માટે આગળ આવી રહ્યા છે. જળ અભિયાન અંતર્ગત કતારગામ વોટર વર્કસથી કામગીરીની શરૂઆત કરવામાં આવી છે.

તાપી નદીમાંથી જળકુંભી અને પાણીજન્ય વનસ્પતિની સાફ-સફાઈ થતા પાણીના વહેણ અને પાણીની ગુણવત્તામાં સુધારો થશે. લોકો જળસંચય અભિયાનથી ઘણા ખુશ જણાયા હતા.